અપીલ અરજી નં.૨૩૦ તા.૨૩–૮ –૧૧
ફોન નં. ૦૨૬૧ ૨૪૨૩૭૫૧/૫૧૮

અરજદારઃ – શ્રી રમેશ કે. જાંગીડ
સામાવાળાઃ– એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (ઉધનાઝોન)

ફરીયાદની હકીકતઃ–

વિષય :–આરટીઆઈ એકટ હેઠળ શ્રી રમેશ કે. જાંગીડની તા.૨૭–૬–૧૧ની અરજીથી મુદ્દાનં.(૧)સા.ઝોન (ઉધના)માં હાલમાં ફરજ બજાવતાં કાર્યપાલક ઈજનેર ડી.સી.ગાંધી તથા ઈ.ડે.ઈજનેર એ.એમ.રાજે હાલમાં વિદેશ જવા પૂર્વે મ્યુનિ.કમિશ્નરશ્રી પાસેથી વિદેશ પ્રવાસ કરવા અંગેની મંજુરી મેળવવા માટે જે પત્રો લખ્યા તે પત્રોની નકલો તથા આ પત્રો બાદ મ્યુનિ.કમિશ્નરશ્રી ધ્વારા ઉપરોકત બંને અધિકારીઓને મંજુરી આપ્યા અંગે જે પત્રો આપ્યા તે પત્રોની નકલો આપવા બાબત.

સંદર્ભ :–અરજદાર મજકુરની અપીલ તા.૨૩–૮–૧૧ ની **SMC/FAP/** નં.૨૩૦/૨૦૧૧–૧૨

શ્રી રમેશ કે. જાંગીડની તા.૨૭–૬–૧૧ની અરજીથી મુદ્દાનં.(૧) સા.ઝોન (ઉધના)માં હાલમાં ફરજ બજાવતાં કાર્યપાલક ઈજનેર ડી.સી.ગાંધી તથા ઈ.ડે.ઈજનેર એ.એમ.રાજે હાલમાં વિદેશ જવા પૂર્વે મ્યુનિ.કમિશ્નરશ્રી પાસેથી વિદેશ પ્રવાસ કરવા અંગેની મંજુરી મેળવવા માટે જે પત્રો લખ્યા તે પત્રોની નકલો તથા આ પત્રો બાદ મ્યુનિ.કમિશ્નરશ્રી ધ્વારા ઉપરોકત બંને અધિકારીઓને મંજુરી આપ્યા અંગે જે પત્રો આપ્યા તે પત્રોની નકલો આપવા બાબતે નિયત સમય અવધિમાં પ્રત્યુત્તર પાઠવેલ ન હોવાનું જણાવી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૨૩– ૮ –૧૧ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ,આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ આપવા જોગ પૂરક માહિતીની વિગતો વિલંબ /વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા તથા અપીલના મુદ્દા અંગે પણ તેમનો પક્ષ રજુ કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૭૧૫ તા. ૩૦–૮–૧૧ થી એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (ઉધનાઝોન) ને પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.સા.ઝોન/મહેકમ/આ.નં.૧૨૦૯ તા.૮–૯–૧૧ થી પૂરક વિગતોમાં મુળ અરજીની નકલ, સેન્ટ્રલઝોન તરફથી પત્ર નં.સે.ઝોન/આરટીઆઈ/જાવક/ ૪૮૩ તા. ૨૮–૬–૧૧ થી કાર્યપાલક ઈજનેર ઉધનાઝોનને તબદીલ કરેલ પત્રની નકલ, નોંધ વિભાગ, અરજદારને માહિતીના પાના નંગ–૪ અંગે રૂા.૮/– ભરપાઈ કરી માહિતી મેળવવા પાઠવેલ પત્ર નં.સા.ઝોન/મહેકમ/આ.નં.૮૩૮ તા.૧૫–૭–૧૧ ના પત્રની નકલ, અરજદારે માહિતી મેળવેલ ન હોય પત્ર નં.સા.ઝોન/ એસ્ટા./૧૦૪૫ તા.૧૦–૮–૧૧ થી પુનઃ જાણ કરવામાં આવેલ પત્રની નકલ, અરજી દફતરે કર્યા અંગે પત્ર નં.સા.ઝોન/એસ્ટા/૧૧૫૨ તા. ૨૯–૮–૧૧ ના પત્રની નકલ અત્રે મળેલ છે.

અરજદારની તા. ૨૭–૬–૧૧ ની અરજીથી ઉપરોકત વિષયમાં નિર્દિષ્ટ કરેલ બાબત હેઠળની માહિતી માંગતી અરજી જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોન ખાતે કરવામાં આવેલ. સેન્ટ્રલઝોન તરફથી પત્ર નં.સે.ઝોન/આરટીઆઈ/ આ.નં. ૪૮૩ તા.૨૮–૬–૧૧ થી નિયત સમય અવધિમાં કાર્યપાલક ઈજનેર ઉધનાઝોનને અરજી તબદીલ કરવામાં આવેલ. જે અંગે અરજદારે નિર્દિષ્ટ સમયગાળામાં કોઈ પ્રતિભાવ મળ્યો નથી તેવું જણાવી અપીલ અરજી કરવામાં આવેલ. જે અંગે અત્રેથી જાહેર માહિતી અધિકારીને પત્ર નં.આરટીઆઈ સેલ/૭૧૫ તા.૩૦–૮–૧૧ થી પૂરક વિગતો માંગવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારીએ પત્ર નં.સા.ઝોન/મહેકમ/૧૨૦૯ તા.૮–૯–૧૧ થી જણાવેલ પૂરક વિગતોમાં ઉધનાઝોન તરફથી મેળવવા થતી માહિતી અંગે પાના નંગ–૪ પ્રતિ પાના દીઠ રૂા.૨/– લેખે કુલ રૂા.૮/– પત્ર નં.સા.ઝોન/મહેકમ/આ.નં.૮૩૮ તા.૧૫–૭–૧૧ થી ભરપાઈ કરી અરજદારને માહિતી મેળવવા નિયત સમય અવધિમાં જણાવેલ. પરંતુ અરજદારે આરટીઆઈ કાયદાની કલમ–૭(૩) અને નિયત–૫ મુજબ નિયત સમય અવધિમાં નાણા ભરી માહિતી મેળવેલ નહીં. જે અંગે અરજદારને જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.સા.ઝોન/એસ્ટા/આ.નં.૧૦૪૫ તા.૧૦–૮–૧૧ થી પુનઃ તક આપી દિન–૭ માં જરૂરી ફી ભરી માહિતી મેળવવા અન્યથા તેમની અરજી દફતરે કરવામાં આવશે તેવું સૂચિત કરવામાં આવેલ. ત્યાર બાદ જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.સા.ઝોન/એસ્ટા/૧૧૫૨ તા.૨૯–૮–૧૧ થી અરજદારને માહિતી મેળવવામાં રસ ન હોય અપીલ અરજી દફતરે કરવામાં આવેલ અને તેની જાણ અરજદારને કરેલ. આમ અરજદારે અપીલમાં કોઈ પ્રતિભાવ મળ્યો નથી તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી અરજદારને એક નહીં પણ ત્રણ પત્રો પાઠવી માહિતી પૂરી પાડવા તૈયારી દર્શાવતા પત્રો પાઠવવામાં આવેલ છતાં અરજદારે માહિતી મેળવવા કોઈ પ્રયત્ન ન કરતાં અરજદારની અરજી દફતરે કરેલ. અત્રે એ પણ સૂચક છે કે અપીલ બાદ અરજી દફતરે કરતાં જાહેર માહિતી અધિકારીના પત્રના અનુસંધાને પણ અરજદારે કોઈ રજૂઆત અપીલ તબકકે કરેલ નથી. જે સૂચવે છે કે તેઓ માહિતી મેળવવા રસ ધરાવતાં નથી.

હુકમ

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા. ૨૭–૬–૧૧ની અરજીથી માંગવામાં આવેલ માહિતી અંગે જાહેર માહિતી અધિકારી તરફથી માહિતી પૂરી પાડવા તૈયારી દર્શાવતાં પત્રો પાઠવ્યા છતાં અરજદાર તરફથી નિયત ફી ભરી માહિતી મેળવવામાં રસ દાખવવા બાબતે હકારાત્મક પ્રતિભાવ નહીં મળતાં જાહેર માહિતી અધિકારી ધ્વારા અરજદારની અરજી દફતરે કરવામાં આવેલ. જેથી અપીલ અરજી અંગે વિશેષ કોઈ કાર્યવાહી કરવાની રહેતી ન હોઈ અપીલ અરજી દફતરે કરવામાં આવે છે.

(પી.જે.ઝાલા)
ડે.કમિશ્નર (સ્પે.)
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૯–૧૧

પ્રતિ,
(૧) એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (ઉધનાઝોન), .....જાણ તથા અમલ માટે.
(૨) શ્રી રમેશ કે. જાંગીડ,